ગાંધીનગર સમાચાર




# સેન્ટ્રલ વિસ્ટા પર આતંક મચાવતા બાઈકર્સ પોલીસની રડારમાં...!

**સ્પોર્ટસ બાઈક અને બુલેટ લઈને ધૂમ સ્પીડે નીકળી સ્ટંટ કરતા નબીરાઓ પકડવા પોલીસની ડ્રાઈવ: બાળકો લઈને ગાર્ડનમાં આવતા પરિવારોને ભયના માહોલમાં મુકતા રેસીંગ બાઈકના અવાજ હવેથી ન સંભળાય તે માટે પોલીસની લાલ આંખ**

ગાંધીનગર, તા.૨

ઉનાળાની શરુઆત થતા જ નગરજનો ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટાના બગીચામાં બાળકોને લઈને આવવા માંડયાથી સાંજથી રાત સુધી પરિવારો પોતાના સંતાનને લઈને ગેમીંગ-વોકીંગ અને રીફ્રેસીંગ માટે મોટી સંખ્યામાં આવતા થયા છે. ત્યારે આ વિસ્તારમાં મોડી સાંજે સ્પોર્ટસ બાઈક અને બુલેટ લઈને ધૂમ સ્પીડે નીકળી સ્ટંટ કરતા નબીરાઓ ભયનો માહોલ સર્જી રહ્યા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સ્ટંટ બાજો અને રેસરોને કાબુમાં રાખવા અને કડક કાર્યવાહી કરવા સેકટર-૭ પોલીસે ડ્રાઈવ કરવાનો નિર્ણય લીધો છે. બાઈકર્સ હવે પોલીસની રડારમાં આવતા લટાર મારવા નીકળતા સહેલાણીઓને બાઈકર્સના આતંકમાંથી મુકિત મળે તેવી શકયતા છે.



મોંઘાદાટ સ્પોર્ટસ બાઈક લઈને બેફામ ગતિએ સેન્ટ્રલ વિસ્ટાની બાજુના માર્ગો પર નીકળતા નબીરાઓ કોઈ નિર્દોષની જીંદગી ચગદી નાંખે તો

● અનુસંધાન પાન-૭ પર

# પોસ્ટ ઓફિસના કાર્ડથી કોઈપણ બેંકના એટીએમમાંથી નાણા ઉપાડી શકાશે

**ડાક ફોરમમાં ગ્રાહકોલક્ષી વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી**

ગાંધીનગર તા ૨

હવે પોસ્ટ ઓફિસના ગ્રાહકો તેમના એટીએમ કાર્ડ થકી પૈસા ઉપાડી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ડાક અદાલત દરમિયાન ગ્રાહકલક્ષી વિવિધ પ્રશ્નોનું ચર્ચા કરવામાં આવી હતી.જેમાં કુડાસણ ખાતે નવી પોસ્ટ કચેરી અંગે પણ સંબંધિત કક્ષાએ રજુઆત કરવામાં આવી હતી.

શહેર વસાહત મંડળના પ્રમુખ અરુણ બુચના જણાવ્યા મુજબ ગાંધીનગર શહેરના ડાક ફોરમની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પોસ્ટ માસ્તર કે.કે. પટેલ તેમજ મહામંડળના અન્ય હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન તે વાતની પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે મુખ્ય ટપાલ કચેરી તેમજ અન્ય ટપાલ કચેરીઓના ગ્રાહકોને એટીએમ કાર્ડ પુરુ પાડવામાં આવશે. જયારે જેમની પાસે હાલની સ્થિતિએ એટીએમ કાર્ડ ન હોય તેમને મુખ્ય ટપાલ કચેરીનો સંપર્ક કરવા પણ જણાવાયું છે. બેંકની જેમ પોસ્ટ ઓફિસના એટીએમ કાર્ડ મારફતે પણ ગ્રાહકો પૈસા ઉપાડી શકશે. આ ગ્રાહકો કોઈપણ બેંકના એટીએમમાંથી પોતાના નાણા ઉપાડી શકશે. ડાક ફોરમ દરમિયાન મહામંડળના સી.ડી. ધનેશ્વર તેમજ નિવૃત પોસ્ટ અધિક્ષક જોશીની હાજરીમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા પણ કરવામાં આવી હતી. જેમાં સે-૭ની પોસ્ટ ઓફિસની જગ્યા સબંધિત તેમજ કુડાસણની નવી પોસ્ટ કચેરી અંગે પણ જરુરી પરામર્શ કરવામાં આવી હતી.



નારી સન્માન- બીએપીએસ મહિલા પાંખ દ્વારા આંતરરરાષ્ટ્રીય મહિલા દિવસની પ્રતિકાત્મક ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે યુવતીઓ દ્વારા રાસ-ગરબાની રમઝટ યોજાઈ હતી....

# કોલવડામાં ૨૭ લાખના ખર્ચે પંચવટી વિકાસ કેન્દ્રનું નિર્માણ કરાશે

**અનુસુચિત જાતિ પેટા યોજના અંતર્ગત વનતંત્ર દ્વારા પંચવટી વિકાસ કેન્દ્ર બનાવાશે : વિચારણાના અંતે ગામની પસંદગી કરાશે**

ગાંધીનગર, તા.૨

વન વિભાગ દ્વારા અનુસુચિત જાતિ પેટા યોજના અંતર્ગત પંચવટી વિકાસ કેન્દ્ર બનાવવા માટે નિર્ણય લેવાયો છે. ચાલુ વર્ષથી આ યોજના અન્વયે રાજયમાં વિવિધ વર્તુળ કચેરી અન્વયે ૧૦ પંચવટી કેન્દ્ર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં પણ રાંધેજા અથવા કોલવડા ગામમાં અનુસુચિત જાતિના લાભાર્થીઓ માટે પંચવટી કેન્દ્રનું નિર્માણ કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે. જો કે હજી આ મામલે સ્થળ પસંદગી થઈ નથી. પંચવટી કેન્દ્ર બનાવવા પાછળ રૂ.૨૭ લાખનો ખર્ચ કરવામાં આવશે. પ્રાયોગીક ધોરણે ૧૦ ગામોમાં પંચવટી વિકાસ કેન્દ્રનું નિર્માણ કરવા માટે રૂ.૨.૭૦ કરોડનો ખર્ચ થશે.

પંચવટી અનુસુચિત જાતિ વિકાસ કેન્દ્ર યોજના વર્ષ-૨૦૧૭-૧૮ થી અમલમાં આવી છે જેમાં એક પંચવટી કેન્દ્ર બનાવવા માટે રૂ.૨૭ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના અન્વયે રાજકોટ વર્તુળમાં ૩, કચ્છ-ભુજ અને જુનાગઢમાં ૩, અને અમદાવાદ, ભરુચ, મહેસાણા તેમજ ગાંધીનગરમાં બે બે પંચવટી કેન્દ્ર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આમ વિવિધ વર્તુળને અનુલક્ષી કુલ -૧૭ પંચવટી કેન્દ્ર બનાવાનો લક્ષ્યાંક નિર્ધારીત કરાયો છે.આ પંચવટી કેન્દ્ર બનાવવાનો મુખ્ય ઉદેશ્ય અનુસુચિત જાતિના વ્યકિતઓ ભેગા થઈ ચર્ચા વિચારણા કરી શકે આ ઉપરાંત તેમના સામાજીક પ્રસંગોની ઉજવણી કરી શકે. જેનાથી તેમને આવક અને સગવડ ઉપલ્બધ થઈ શકશે.

વધુમાં અનુસુચિત જાતિના લોકોને સરકારની કલ્યાણકારી પ્રવૃતિઓ અંગે માહિતગાર કરવા પણ કેન્દ્રનો ઉપયોગ થશે. આ પંચવટી કેન્દ્રમાં ઉજાણી ઘર, શૃંગારકક્ષ, વરંડા, કિચનશેડ, તેમજ શૌચાલય અને પાણીની સગવડ પણ કરવામાં આવશે. પંચવટી કેન્દ્રમાં ફર્નિચર ઉપરાંત જરુરી સાધનોની પણ ઉપલ્બધી કરાશે. વધુમાં એક એકરના વિસ્તારમાં હરીયાળી લોન તેમજ વૃક્ષોનું ઉછેર કરવામાં આવશે. આ જીવીકા વૃધ્ધી માટેની પ્રવૃતિ સંદર્ભમાં વૃક્ષ ઉછેર, વર્મીંગ કંમ્પોસ્ટ, ફળો તેમજ કીચન ગાર્ડનની પ્રવૃતિ, તેમજ નર્સરી ઉછેર જેવી વિવિધ પ્રવૃતિઓ માટે સહાય પણ ચુકવવામાં આવશે.

## રાજયમાં ૮૪ લાખથી વધુ ભુલકાઓને રસી

અમદાવાદ, તા.૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતને સંપૂર્ણ પોલિયો મુક્ત રાજય બનાવવાનો સંકલ્પ દોહરાવ્યો છે. તેમણે ગાંધીનગરમાં પોલિયો રવિવાર અંતર્ગત રાજયવ્યાપી પોલિયો રસીકરણ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. આ અભિયાન તહેત રાજયભરમાં ૦ થી ૫ વર્ષની વયના ૮૪ લાખથી વધુ ભુલકાંઓને ૩૭૫૦૦ પોલિયો બુથ પરથી ૧ લાખ ૭૧ હજાર આરોગ્ય કર્મીઓ પોલિયો ટીપાં પીવડાવાયા હતા.

# શહેરમાં જામ્યો પરીક્ષાનો માહોલ

**બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ શાળા-કોલેજોની પરીક્ષાઓનો માહોલ જામ્યો : વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ પણ ગહન અભ્યાસમાં પરોવાયા**

ગાંધીનગર, તા. ૨

કાળઝાળ ગરમી સાથે આજકાલ શહેરમાં પરીક્ષાઓનો માહોલ બરાબર જામ્યો છે. બોર્ડની પરીક્ષાઓ હમણાં જ પુરી થઈ હવે શાળા-કોલેજની પરીક્ષાઓ શરૂ થવામાં છે ત્યારે વાલીઓ અને વિદ્યાર્થીઓ પરીક્ષાના ટેન્શનમાંથી પસાર થઈ રહ્યા છે.

શાળા-કોલેજની વાર્ષિક પરીક્ષાઓ ટૂંક સમયમાં શરૂ થશે. ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓની સાથે જ પરીક્ષાનો માહોલ ઉભો થયો હતો. હવે આવતા અઠવાડિયાથી મોટા ભાગની શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ પરીક્ષાની તૈયારીમાં જોતરાઈ ગયા છે. વિદ્યાર્થીઓ શાળા, ટ્યુશન કલાસીસ અને ઘરે સઘન અભ્યાસમાં સતત વ્યસ્ત જોવા મળી રહ્યા છે. વાર્ષિક પરીક્ષાઓના કારણે કેટલાક વાલીઓએ ઓફિસમાં રજા મુકી દીધી છે અને પોતાના બાળકોને પરીક્ષાની તૈયારીમાં મદદરૂપ બની રહ્યા છે.

શાળા-કોલેજની પરીક્ષાઓની જેમ જ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં પણ વિદ્યાર્થીઓ વ્યસ્ત બન્યા છે. શહેરના પુસ્તકાલયો, વાંચનાલયો અને જાહેર સ્થળોએ વિદ્યાર્થીઓ મોડી રાત સુધી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા નજરે ચઢે છે. પરીક્ષાઓના માહોલના કારણે હાલમાં સિનેમાગૃહો અને હરવા ફરવાના સ્થળોએ સાવ ઓછી ભીડ જોવા મળે છે.


## ભાવભીની શ્રદ્ધાંજલિ
આઠમી વાર્ષિક પુણ્યતિથી



**કાર્તિક (ગોપુ) અશ્વિનભાઈ વ્યાસ**
જન્મ તા. : ૧-૩-૧૯૭૭ ● સ્વ. તા. ૩-૪-૨૦૦૯

સારા કર્મોની સુગંધ સદાયે રહેશે.
મીઠી વાણી હંમેશા યાદ રહેશે,
દેહથી ભલે અદૃશ્ય થયા હોય પરંતુ
તારી યાદ સદાય અમારી સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

લિ.
અશ્વિનકુમાર એમ. વ્યાસ
પ્રિયંવદાબેન અશ્વિનભાઈ વ્યાસ
કોશા કાર્તિક વ્યાસ
વેદાંન્ત કાર્તિક વ્યાસ
ચિરાગ પી. વ્યાસ
તૃષા સી. વ્યાસ
વરૂણ - વૈભવ
ફોન : ૨૩૨૨૬૦૯૮


## જાહેર ખુલાસો

**તા. ૧/૪/૨૦૧૭, ગાંધીનગર સમાચારના પેજ નં.૨ પર A.C.ના વેપારી દ્વારા આક્ષેપિત સમાચાર પ્રસિદ્ધ થયા હતા. તેની સામે સત્ય ખુલાસો**

અમો ખુલાસો આપનાર દિલીપભાઈ પટેલ અને અનુજ દિલીપભાઈ પટેલનાઓએ વિક્રમસિંગ રાજપુરોહિત સામે સે.૧૧માં આવેલ હોટલ ધ ગ્રાન્ડ મીડવેમાં અમોને વિક્રમસિંગ રાજપુરોહિતે ભાગીદારીમાં તારીખ ૧૬/૧/૨૦૧૬થી હોટલ શરૂ કરેલ. ત્યારબાદ વિક્રમસિંગ માંગીલાલ રાજપુરોહિત સાથે ધંધામાં ફાવટ ના આવતા તા. ૨૭/૩/૨૦૧૬ના રોજ ભાગીદારી છુટી કરેલી અને આ હોટલ અમો ખુલાસો આપનાર અનુજભાઈ દિલીપભાઈ અને દિલીપભાઈએ વિક્રમસીંગ માંગીલાલ રાજપુરોહિત સાથે રૂ. ૧૦૦ના સ્ટેમ્પ પર નોટરી રૂબરૂ ભાગીદારી કરાર શરતો અને વિગતોને આધારે છુટી કરેલી. જેમાં શરત નંબર-૨માં સ્પષ્ટપણે કબુલ કરેલ છે તે મુજબ તા. ૨૭/૩/૨૦૧૬ના રોજ સુધીના હોટલના દેવા, લેણા, નફો-નુકસાન, માલ-સ્ટોક, ગુડવીલ તથા બીજી સઘળી અસ્કયામતો તથા જવાબદારીઓ વિગેરે તમામ હિસાબો સમજી લીધા છે. **તેમજ ૨૭/૩/૨૦૧૬ તારીખે પહેલાના આ હોટલના નાણાંકીય તેમજ જનરલ રીનોવેશન અંગે થયેલ ખર્ચાની તમામ રકમ અમો એક તરફવાલાને એટલે કે અમો ખુલાસો આપનારએ ભાગીદારી છુટી કરનાર વિક્રમસિંગ માંગીલાલ રાજપુરોહિતને તમામ હિસાબકિતાબો પતાવી દીધેલ છે. અને હોટલનું કોઈપણ પ્રકારનું દેવું કે કોઈ વેપારીનો હિસાબ બાકી નીકળે તો તમામ ચુકવવાની જવાબદારી વિક્રમસિંગ માંગીલાલ રાજપુરોહિત એટલે કે કરારના એક તરફવાળાની રહેશે.** તેવું તા. ૨૭/૩/૨૦૧૬એ નક્કી થયેલ છે. જેથી હાલના દિપકમલ ઈલેક્ટ્રોનિક્સના પ્રોપરાઈટર (માલિક) શ્રી અજય ગુપ્તાનું કોઈપણ લેણું અમો ખુલાસો આપનાર પાસે કે હોટલ પાસે લેવાનું નીકળતું નથી. તે આ ખુલાસાથી હોટલના માલિક તરીકે જાહેર જનતાને ખુલાસો આપી ખુલાસો જાહેર કરીએ છીએ. વધુમાં તા. ૨૭/૩/૨૦૧૬થી આ હોટલ અમો ખુલાસો આપનારની ચોખ્ખી બોજા રહિત કે કોઈ વેપારીના લેણાની જવાબદારી અમારી રહેતી નથી. લાગતા-વળગતાને જાણ સારું.

લિ.
**હોટલ ધ ગ્રાન્ડ મીડવે, સે.૧૧**
**દિલીપભાઈ પટેલ**
**અનુજ દિલીપભાઈ પટેલ**

## પલ્સ પોલિયાના રાજયવ્યાપી અભિયાનનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતને સંપૂર્ણ પોલિયો મુકત રાજય બનાવવાનો સંકલ્પ દોહરાવ્યો છે.

તેમણે ગાંધીનગરમાં પોલિયો રવિવાર અંતર્ગત રાજય વ્યાપી પોલિયો રસીકરણ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. આ અભિયાન તહેત રાજયભરમાં ૦ થી ૫ વર્ષની વયના ૮૪ લાખથી વધુ ભૂલકાંઓને ૩૭૫૦૦ પોલિયો બુથ પરથી ૧ લાખ ૭૧ હજાર આરોગ્યકર્મીઓએ પોલિયોનાં ટીપાં પીવડાવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ વેળાએ સ્પષ્ટપણે જણાવ્યું કે, દેશ અને રાજયની ભાવિ પેઢી તન-મનથી તંદુરસ્ત સ્વસ્થ રહે તે માટે સરકાર સાથે સમાજ પણ આ પોલિયોનાં ટીપાં અભિયાનમાં જોડાય તે આવશ્યક છે.

તેમણે ગુજરાતમાંથી વર્ષ ૨૦૨૨ સુધીમાં વાહકજન્ય રોગ નાબુદી માટે રાજય સરકારે ૧૦૨ કરોડનું પ્રાવધાન કર્યું છે તેની પણ વિગતો આપી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયમાં ૦ થી ૫ વર્ષનુંએક પણ બાળક પોલિયો ટીપાં પીવાથી વંચિત ન રહે તે માટે માતા-પિતા, વાલીઓને બાળકોને પોલિયો બુથ પર લઈ જવા હાર્દ ભર્યો અનુરોધ કર્યો હતો.


મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com